# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 10-04-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.નમસ્કાર.....

---

## કેન્દ્રીય ગૃહમંત્રી- G.C.C.I.:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાત વેપાર અને ઉદ્યોગ મહામંડળ- G.C.C.I.ને રાજ્યના વિકાસ સાથે જોડાવવા માટેનું આયોજન કરવા જણાવ્યું છે. અમદાવાદના G.C.C.I. દ્વારા સાયન્સ સિટી ખાતે યોજાયેલા ગેટ 2025 એક્સ્પો કાર્યક્રમમાં ઑનલાઈન માધ્યમથી ઉપસ્થિત રહેલા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. તેમણે G.C.C.I.ને આગામી 25 વર્ષના આયોજનની તૈયારી કરવા તેમજ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ- MSME ક્ષેત્રને આગળ વધારવા પ્રયાસ કરવા પણ કહ્યું છે.

---------------------------------------------------------------------------------

## હોમિયોપેથીક સંમેલન:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને આયુષ મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે હોમિયોપેથીક સંમેલનનું ઉદ્ઘાટન કરાયું. આ સંમેલનમાં વિશ્વના 10 હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લઈ રહ્યા છે.

આ સંમેલનનું આયોજન સેન્ટ્રલ કાઉન્સિલ ફોર રિસર્ચ ઇન હોમિયોપેથી, નેશનલ કમિશન ફોર હોમિયોપેથી અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોમિયોપેથી દ્વારા સંયુક્ત રીતે કરાયું છે.

---------------------------------------------------------------------------------

## CRPF:

**સીઆરપીએફ દ્વારા કચ્છ સરહદે સરદાર પોસ્ટ ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને શૌર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સીઆરપીએફની સાથે બીએસએફ અને પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સીઆરપીએફ દ્વારા બેન્ડ સાથે શહીદોને શ્રદ્ધાંજલિ અને વીરતાની ગાથાને યાદ કરવામાં આવી હતી**

**વર્ષ ૧૯૬૫માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં ૯ એપ્રિલે સરદાર પોસ્ટ ખાતે સીઆરપીએફના માત્ર ૧૫૦ જવાનોએ સુઝબૂઝથી પોતાની અદમ્ય વીરતાનો પરિચય આપીને દુશ્મનની ૩ હજારથી વધારે સૈનિક ધરાવતી બ્રિગેડને પીછેહટ કરવા ફરજ પાડી હતી. આ લડાઈ દરમ્યાન સીઆરપીએફની અન્ય એક બટાલિયનના ૭ જવાન શહીદ થયા હતા.**

**સીઆરપીએફ મુંબઈના એડીજી આઈપીએસ દીપક કુમારે શૌર્ય દિવસને વીરતાનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવીને તમામ સીઆરપીએફ સૈનિકો માટે અને દેશ માટે આ દિવસને પ્રેરણાદાયક ગણાવ્યો હતો.**

**(બાઈટ... દીપક કુમાર, એડીજી-સીઆરપીએફ મુંબઈ (ટ્રેનીંગ))**

---

## જીલ્લામાં ગરમીનું પ્રમાણ યથાવત:

જિલ્લામાં ગરમીનું પ્રમાણ યથાવત રહેવા પામ્યું છે. આકરી ગરમીના કારણે જીલ્લાનું જનજીવન પ્રભાવિત થયું છે.  મધ્યાહ્ન સમયે બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે. હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી ગરમીનું મોજું યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

કાળઝાળ ગરમીની પરિસ્થિતિમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા જીલ્લામાં જાહેર સ્થળોએ ઠંડી છાશ અને પાણીનું વિતરણ શરૂ કર્યું છે. ભુજ એસટી ખાતે માનવજ્યોત સંસ્થા અને એસ.ટી. તંત્ર દ્વારા દરરોજ 600 થી વધુ પ્રવાસીઓને વિનામૂલ્યે ઠંડી છાશનું વિતરણ કરાઈ રહ્યું છે. તો રાપર એસટી ડેપો દ્વારા પણ દૈનિક 350  જેટલા મુસાફરો માટે ઠંડી છાશની સેવા શરૂ કરાઈ છે.

---

## કચ્છમાં લુ લાગવાના કેસો:

જીલ્લાના વિવિધ વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહ થી તાપમાનનો મહત્તમ પારો ૪૦ ડિગ્રીની ઉપર નોંધાઈ રહ્યોછે ત્યારે કચ્છમાં લૂ લાગવાના કેસોમાં મોટો વધારો જોવા મળ્યો છે. હાલ લૂ લાગવાના દૈનિક 100થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. આરોગ્ય તંત્રમાંથી મળેલી વિગતો મુજબ આ બધા કેસો હળવા પ્રકારના લક્ષણ વાળા હોતાં કોઈને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવાની ફરજ પડી નથી. લૂ લાગવાના મહત્ત્વના લક્ષણ ડિહાઈડ્રેશનના કેસો નોંધપાત્ર રીતે સામે આવી રહ્યા છે. ઝાડા-ઊલટી, પેટને લગતા અન્ય રોગો, પરસેવો વળવો, સ્નાયુ જકડાઈ જવા સહિતના લૂનાં લક્ષણો ધરાવતા દર્દીઓ સરકારી અને ખાનગી હોસ્પિટલની ઓપીડીમાં નોંધાઈ રહ્યા છે. દરમ્યાન, જિલ્લા આરોગ્ય અધિકારી મિતેશ ભંડેરીએ કહ્યું કે, ભુજની જનરલ હોસ્પીટલમાં દમ બેડનો અલાયદો વોર્ડ ઊભો કરાયો છે. આ ઉપરાંત, 1 લાખ 63 હજાર ઓ.આર.એસ.ના પેકેટ તૈયાર કરાયાં છે. લુ થી બચવાના વિવિધ ઉપાયો સાથે ખાણી પીણીમાં કાળજી રાખવા સાથે જંકફૂડ લેવાનું ટાળવા અને શરીરને ડિહાઈડ્રેટ રાખવા માટે પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લેવા તબીબો દ્વારા સલાહ આપવામાં આવી છે.

---

## મહાવીર જયંતી:

આજે જૈનોના 24મા તીર્થંકર મહાવીર સ્વામીના 2623 મા જન્મ કલ્યાણક પર્વની શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. આ નિમિત્તે જીલ્લામાં વિવિધ શહેરો ગામોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાવીર જયંતીની શુભકામનાઓ પાઠવી છે.

---

IPL:

ઇન્ડિયન પ્રીમીયર લીગ-આઇપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી તમામ મેચ જીત્યું છે, જ્યારે આરસીબી ઘરઆંગણે એક પણ મેચ જીત્યું નથી.

--------------------------------------------------------------------------------